Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# ઉત્તર ગુજરાતના સર્વોદય આશ્રમોની રચનાત્મક પ્રવૃત્તિઓ

**મહેશ વી. ચૌધરી**
મદદનીશ પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨, સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, જાંબુઘોડા, જિ.પંચમહાલ

**સારાંશ :**

'સર્વોદય' હજી એક સદી પહેલાં ઉદભવેલો એક નવો શબ્દ છે. પ્રાચીન સાહિત્યમાં તે કોઈક ને કોઈક સંદર્ભમાં વપરાયો હશે, પરંતુ આજે જે રીતે તે એક જીવનની ફિલસૂફીના અર્થમાં, એક ચોક્કસ વિચારધારાના અર્થમાં પ્રચલિત છે, એવો તેનો ઉપયોગ તો હજી માત્ર એક સદી જ જૂનો છે.[૧]

મહાત્મા ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં જ્હોનિસબર્ગથી નાતાલની મુસાફરી દરમ્યાન ઈ.સ.૧૯૦૪માં એમના મિત્ર મિ.પોલાક એક પુસ્તક આપી કહે છે : " આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય એવું છે, તે વાંચી જજો, તમને ગમશે." એમ કહીને ગાંધીજીના હાથમાં મૂકેલું. ગાંધીજી લખે છે : "આ પુસ્તકના લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી જ લીધો.... આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો."[૨] પરંતુ એ માત્ર ઈરાદો જ ન રહ્યો, એ પુસ્તકે ગાંધીજીના જીવનમાં તત્કાળ મહત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો : "આ પુસ્તક વાંચીને એક જ રાતમાં વકીલ ને નગરવાસીઓમાંથી, ડરબનથી દૂર અને નજીકમાં નજીકના રેલ્વે સ્ટેશનથી ત્રણ માઈલ છેટે આવેલા એક ખેતર ઉપર વસતા ગામડિયામાં મારૂં રૂપાંતર થયું."[3] ગાંધીજીના હ્દય અને માનસ પર પ્રભાવ પાડનાર પુસ્તક હતું : 'અન ટુ ધિસ લાસ્ટ' (Unto this Last) અને તેના લેખક હતા જ્હોન રસ્કિન. ૧૯૦૪માં વાંચેલ આ પુસ્તકનો ૧૯૦૮માં ગાંધીજી 'સર્વોદય' નામની પુસ્તિકામાં ભાવાનુવાદ આપે છે. ઉત્તર ગુજરાતમાં અનેક ગાંધીવાદી સંસ્થાઓએ સમાજસેવી રચનાત્મક પ્રવૃત્તિઓ કરેલ છે, પરંતુ પ્રસ્તુત શોધપત્રમાં આજ સર્વોદયની વિચારધારાને બીજમંત્ર બનાવીને અવિરત સમાજની સેવા કરનારા ઉત્તર ગુજરાતના મહત્વના ત્રણ સર્વોદય આશ્રમો (ગાંધી આશ્રમો) - વાલમ, ઝીલીઆ તથા માઢીની રચનાત્મક પ્રવૃત્તિઓની ઐતિહાસિક રૂપરેખા આલેખવામાં આવેલ છે.

**ચાવીરૂપ શબ્દો** : સર્વોદય , ખાદી, કાંતણ-વણાટ , ગ્રામોદ્યોગ

**પૂર્વભૂમિકા :**

સર્વોદય યોજના વિશે થોડી વિગતો જોઈએ.મહાત્મા ગાંધી શહીદ થયા પછી મુંબઈ રાજ્યના ગાંધીવાદી મુખ્યપ્રધાન બાલાસાહેબ ખેર, ગૃહપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ અને વૈકુંઠભાઈ મહેતા વગેરે ગાંધીવાદીઓએ મહાત્માજીનું જીવંત સ્મારક રચવા માટે યોજના બનાવી.ગાંધીજીની કલ્પના મુજબ સર્વોદય સમાજ માટે કામ કરે તેવી સર્વોદય યોજના સરકારે બનાવી. મુંબઈ રાજ્યના દરેક જીલ્લામાં ગાંધીવિચાર પ્રમાણે રચનાત્મક કામ કરતા નિષ્ઠાવાન કાર્યકરોને રાજ્યે નક્કી કરેલી રકમ દર વર્ષે સમાજના વંચિતોના કલ્યાણ માટે આપે.કાર્યકર્તા

એનું અંદાજપત્ર બનાવી એ રકમ સરકારે નક્કી કરેલ નીતિ-નિયમો પ્રમાણે વિવેકથી લોકકલ્યાણ માટે ખર્ચે, તેનો હિસાબ રાખે અને ઓડીટ કરાવે.

રાજ્ય સરકારના ઓડીટો પણ હિસાબો ચકાસે,પરંતુ બજેટ બનાવી ખર્ચ કરવા સર્વોદય યોજનાના સંચાલક સ્વાયત્ત અને સ્વતંત્ર હતા.મહેસાણા જિલ્લામાં આવી પ્રથમ યોજના સર્વોદય આશ્રમ, વાલમમાં વિસનગર તાલુકામાં અમલમાં હતી.વાલમના વતની જાણીતા વકીલ જાણીતા વકીલ શ્રી રતિભાઈ જોશી તેના સંચાલક હતા. શ્રી બાબુભાઈ શાહ સરકારી નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લોકસેવા માટે રતિલાલ સાથે વાલમ યોજનામાં જોડાયા હતા અને ત્યાંથી ઝીલીઆ આવ્યા હતા.[૪]

**સર્વોદય આશ્રમ, વાલમ** :

સર્વોદય આશ્રમ, વાલમની સ્થાપના શ્રી રતિભાઈ જોશીએ કરી હતી.ગાંધીજીના હત્યાના બીજા દિવસે રતિભાઈએ એક ભીષ્મ નિર્ણય લઈ, સદાને માટે ધીકતી વકીલાત છોડી. અનેક સંકટો સહ્યા.અનેક તડકા-છાયાં જોયા.ધીરજ ન છોડી અને વિસનગર તાલુકામાં વહેતી રૂપેણ નદીના પશ્ચિમ કાંઠે વાલમ ગામ નજીક તા.૨૮/૦૫/૧૯૪૯ ના દિવસે આજના સર્વોદય આશ્રમ, વાલમની સ્થાપના કરી.વાલમ આશ્રમની શિશુ અવસ્થામાં જ આશ્રમના એ વખતના મુંબઈ રાજ્ય સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર શ્રી બી.પી.પટેલની ભલામણથી ‘સર્વોદય યોજના’ ના કેન્દ્ર તરીકે આશ્રમની પસંદગી થઈ. ૧૯૫૦ થી ૧૯૬૪ સુધી આ યોજનાનું કેન્દ્ર અહી રહ્યું. ખેતી પ્રવૃત્તિ, ગોપાલન પ્રવૃત્તિ, ખાદી પ્રવૃત્તિ તથા અન્ય ગ્રમોદ્યોગો , આશ્રમ શાળા, છાત્રાલયો વગેરેની પ્રવૃત્તિઓ દ્વારા વાલમ આશ્રમે ઉમદા અને સરાહનીય સમાજ ઉપયોગી કામો કર્યા. આ સંસ્થાની ઘણી બધી શાખાઓ હતી જેવી કે – ઝીલીઆ, સુલતાનપુરા, માઢી વગેરે. આ સસ્થાએ વિમુક્ત જાતિઓના બાળકો માટે આશ્રમ શાળા ખોલી હતી. જેમાં પટણી(વાઘરી),રબારી, ઠાકરડા વગેરે કોમના બાળકો ભણતા.જેમાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને રહેવા-જમવાનું અને ભણવાની, કપડાં,બિછાનાની સગવડ આશ્રમ દ્વારા પૂરી પાડવામાં આવતી.

વાલમ આશ્રમ શુદ્ધ કાંકરેજી ઓલાદની ગાયો તથા વાછરડાઓ ઉછેરવાનું કાર્ય કરતું. જે દ્વારા મળતું દૂધ આશ્રમની વ્યક્તિઓ તથા આશ્રમ શાળાના બાળકોને પૂરું પાડવામાં આવતું.સંસ્થાની ૬૫ એકર જમીનમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ ખેતી કરવામાં આવતી.જે હાલ પણ ચાલુ છે. અંબર ચરખા કેન્દ્ર,વણાટ કેન્દ્રો,ધોલાઈ કેન્દ્ર,વિતરણ કેન્દ્રો વગેરે દ્વારા ખાદી તૈયાર કરવામાં આવે છે.અખાદ્ય તેલમાંથી સાબુ બનાવી તેનું આશ્રમ તેમજ આશ્રમ બહાર વેચાણ કરવામાં આવે છે.તેના લીધે તો આ સંસ્થા ભારતભરમાં પ્રખ્યાત બની છે.આ સંસ્થા ગ્રામાભિમુખ ખેડૂતોને મદદગાર થાય તેવા કામો કરી વર્ષ આખરે ઘણા ખેડૂતોને સારો એવો નફો કરી આપે છે.[૫]

ગુજરાત રાજ્ય મુંબઈ રાજ્યમાંથી જુદું થયા પછી જે જે જિલ્લાઓમાં વસતી વધી હોય, ત્યાં બીજી યોજના આપવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો.મહેસાણા જીલ્લાની વસતિ વધારે હતી. વાલમ યોજના જિલ્લાના પૂર્વમાં હતી. બીજી યોજના પશ્ચિમ ભાગમાં કરવાનું કાર્યકરોએ ઠરાવ્યું.સર્વોદય યોજનાની પ્રવર્તક સંસ્થા તરીકે ગાંધી આશ્રમ,ઝીલીઆની રચના ૧૯૬૪ માં થઈ અને ઝીલીઆ ગામે જમીન મળતાં ચાણસ્માથી ૭ કિ.મી. પૂર્વે ઝીલીઆમાં ગાંધી આશ્રમ

સંસ્થા શરુ થઈ. ચાણસ્માથી ૭ કિ.મી. પૂર્વમાં ખારી નદીના કોતરોની વેરણ જમીન યોજના માટે આપવા ચાણસ્મા તાલુકાના આગેવાન શ્રી પ્રતાપભાઈ ચૌધરીની સમજાવટથી ઝીલીઆ ગ્રામ પંચાયતે સંમતિ આપી.ગુજરાત સરકારે તે જમીન ગાંધી આશ્રમને આપી.યોજનાના પ્રથમ સંચાલક તરીકે વાલમ યોજનાના સંચાલક રતિલાલ જોશીનું નામ નક્કી થયું અને પ્રત્યક્ષ વહીવટ માલજીભાઈ દેસાઈને સોપ્યો.ત્યારબાદ બાબુભાઈ શાહે પણ આ જવાબદારી નિભાવી હતી.

**ગાંધી આશ્રમ, ઝીલીઆ** :

ગાંધી આશ્રમ, ઝીલીઆની રચના મહેસાણા જિલ્લાની બીજી સર્વોદય યોજનાની પ્રવર્તક સંસ્થા તરીકે થઈ અને તેની જવાબદારી સંસ્થાની કારોબારીએ પ્રથમ માલજીભાઈને સોંપી અને એકાદ વર્ષ પછી માલજીભાઈ સર્વોદય યોજનાના વ્યવસ્થાપક બન્યા.અનુભવી અને ઉંમરમાં મોટા બાબુભાઈ શાહ સર્વોદય યોજનાના સંચાલક તરીકે આવ્યા.આ સંસ્થા શરૂઆતમાં ગાંધી આશ્રમ,ધીણોજ ટ્રસ્ટ તરીકે ૧૯૬૪ માં રજીસ્ટર થઈ.

સર્વોદય યોજનાના પ્રવર્તક કેન્દ્ર તરીકે શરુ થયેલી આ સંસ્થાનું ધ્યેય સર્વાંગી ગ્રામવિકાસ રહ્યું છે.ગ્રામવિકાસની શ્રી માલજીભાઈ દેસાઈ, શ્રી બાબુભાઈ શાહ અને તેમના સાથીદારો અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરતા.આ વિસ્તારના શૈક્ષણિક વિકાસ માટે નઈ તાલીમના આદર્શો પ્રમાણે બાલમંદિરથી ઉત્તર બુનિયાદી સુધીની શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરી. ખેતી અને પશુ સંવર્ધનને માર્ગદર્શક અને પ્રોત્સાહક કાર્યક્રમો શરુ કર્યા. સમાજ નવરચનાને પોષક અસ્પૃશ્યતા નિવારણ,નશાબંધી,આરોગ્ય અને ગ્રામસફાઈ જેવા કાર્યક્રમો શરુ કર્યા.સમાજના આર્થિક રીતે બેહાલ લોકોને રોજી આપવા માટે ખાદી અને ગ્રામોદ્યોગ જેવી પ્રવૃત્તિઓ શરુ કરી.આ પ્રવૃત્તિઓ દ્વારા લોક સંપર્ક અને લોકોને પ્રત્યક્ષ મદદનું કામ સર્વોદય યોજના દ્વારા થયું. ગાંધી આશ્રમ, ઝીલીઆમાં સર્વોદય યોજનાની અનેકવિધ પ્રવૃત્તિઓ થતી.આ આશ્રમના શ્રી બાબુભાઈ શાહના મતે સર્વોદય યોજનાનું કેન્દ્ર દરેક તાલુકામાં હોય તો તે દ્વારા ઘણી રચનાત્મક પ્રવૃત્તિઓ થઈ શકે તેમ હતું. તેમનો આ વિચાર ગુજરાતના તત્કાલીન મંત્રીમંડળે ગળે ઉતાર્યો. ગ્રામવિકાસ મંત્રીશ્રી લલ્લુભાઈ શેઠ તેમના વિચારોથી પ્રભાવિત થયા અને રાજ્યના દરેક તાલુકામાં સર્વોદય યોજનાના મંડાણ થયા. આ કામને માર્ગદર્શન આપવા અને તેનું નિરીક્ષણ કરવા માટે મધ્યસ્થ કાર્યાલયની રચના કરવામાં આવી. રાજ્ય સરકારે મધ્યસ્થ કાર્યાલયના સંચાલક તરીકે બાબુભાઈ શાહને જવાબદારી સોંપી.શ્રી બાબુભાઈ શાહે આ કાર્ય ખુબ જ નિષ્ઠાપૂર્વક નિભાવ્યું.[૬]

**સર્વોદય આશ્રમ, માઢી** :

હવે વાત કરીએ સર્વોદય આશ્રમ, માઢીના ઇતિહાસની. શ્રી રામુભાઈ ચીમનલાલ પટેલ સને ૧૯૫૦માં ગોઝારિયા હાઈસ્કુલમાં શિક્ષક તરીકે જોડાયા. એ વર્ષે ગોઝારિયા હાઈસ્કુલે તેમને જે. જે. સ્કૂલ ઓફ આર્ટ, મુંબઈમાં ઉદ્યોગની તાલીમ લેવા મોકલ્યા. તાલીમ પુરી કરી પરત આવી સ્કુલમાં કાંતણ-વણાટનો અભ્યાસક્રમ શરૂ કર્યો. સર્વોદય આશ્રમ, વાલમના સહયોગથી અંબર કેન્દ્ર સ્કૂલમાં શરૂ કર્યું. જેને પરિણામે તેમને વાલમ આશ્રમના સંચાલક શ્રી રતિભાઈ જોશીના સંપર્કમાં આવવાનું બન્યું. સને ૧૯૫૮માં રામુભાઈએ જોટાણા હાઈસ્કુલમાં જોડવાનું

નક્કી કર્યું. તે અંગેની જાણ શ્રી રતિભાઈ જોશીને થતાં તેમણે રામુભાઈને વાલમ આશ્રમમાં જોડવાનું નિમંત્રણ આપ્યું. જેથી રામુભાઈએ વાલમ આશ્રમમાં જોડાવાનું નક્કી કરી ખાદી વિદ્યાલયના આચાર્ય તરીકેની જવાબદારી સ્વીકારી. વાલમ આશ્રમમાં તેમની કામગીરીથી પ્રભાવિત થઈ શ્રી રતિભાઈએ તેમણે સર્વોદય આશ્રમ, વાલમના ઉપસંચાલક બનાવ્યા. સર્વોદય આશ્રમ, વાલમમાં કાંતિભાઈ મથુરદાસ શાહ અને વસંતભાઈ મથુરદાસ શાહ- બંને ભાઈઓ મુંબઈની નોકરી છોડી ગ્રામ સેવા માટે વાલમ આશ્રમમાં જોડાયા હતા. બંને ભાઈઓ સાથે રામુભાઈને કૌટુમ્બિક સંબંધો વિકસ્યા અને ગાઢ મિત્રો બન્યા.

રામુભાઈને વિજાપુર તાલુકામાં સર્વોદય આશ્રમ, વાલમ જેવો આશ્રમ શરૂ કરવાની મહત્વાકાંક્ષા જાગી. આથી તેમણે શ્રી કાંતિભાઈ અને શ્રી વસંતભાઈને વિજાપુર તાલુકામાં સર્વોદય આશ્રમ, વાલમ જેવો આશ્રમ શરૂ કરવાની વાત કરી. બંનેએ સંમતિ આપતાં શ્રી રામુભાઈએ શ્રી રતિભાઈ જોશી, શ્રી કાંતિભાઈ અને શ્રી વસંતભાઈ વગેરેના સાથ સહકાર થી સર્વોદય આશ્રમ, માઢીની ઈ.સ.૧૯૬૬ માં સ્થાપના કરી.[૭]

સર્વોદય આશ્રમ,માઢીની ખાદીકમ પ્રવૃત્તિ સરાહનીય છે. વણવપરાતી ભૌતિક સંપતિ અને બેરોજગાર માનવસંપતિના સમન્વય દ્વારા ગ્રામોત્થાનની પ્રવૃતિઓ કરવાના ઉદ્ધેશ સાથે સર્વોદય આશ્રમ, માઢીની સ્થાપના કરવામાં આવી છે. આથી ખાદી અને ગ્રામોધોગની પ્રવૃતિઓને પ્રાધાન્ય આપીને જે પ્રદેશોમાં વરસાદની કાયમી અનિયમિતતા છે તેમ જ જે પ્રદેશમોમાં સિંચાઈ સગવડ નથી, તેવા પ્રદેશોમાં આદિવાસીઓ, હરિજનો, બક્ષીપંચ અને આર્થિક પછાત લોકોને રોજગારી આપવા માટે મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, વડોદરા અને સુરેન્દ્રનગર જિલ્લાઓનાં એકસો નવ ગામોમાં ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃતિઓ શરૂ કરી.

રક્તપિત્તગ્રસ્તોને રક્તપિત્તનો રોગ મટી ગયા પછી સમાજ કે ખુદ તેમનાં સ્વજનો પણ સ્વીકાર કરતાં નથી. આથી સંસ્થાની જમીન પર સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ દ્વારા તેમને રહેવા માટે મકાનોની સુવિધા કરી આપવામાં આવી છે. તેમ જ તેમને તેમના ઘરમાં જ કામ મળી રહે તે માટે સર્વોદય આશ્રમ, માઢી દ્વારા રક્તપિત્તગ્રસ્તોને અંબર ચરખા દ્વારા રોજી આપવાનું શરૂ કર્યું છે. રાજેન્દ્રનગરના ૨૧૫ અને સિંધરોટના ૧૧૬ મળી કુલ ૩૩૧ રક્તપિત્તગ્રસ્તોને વાર્ષિક રૂ. ૨૪,૨૧,૮૪૪ અંકે રૂપિયા ચોવીસ લાખ એકવીસ હજાર આઠસો ચુવાલીસની રોજી ચુકવવાની સ્થિતિમાં પહોંચી શકાયું છે. હાલમાં ત્રણ કરોડની કિંમતનું સુતર સ્ટોક થવાથી અને વણકરો મનરેગા યોજનામાં તથા ખેતી કામે જતા હોઈ વણાટ કામ ઘટવાને લીધે રક્તપિત્તગ્રસ્તોનું કાંતણ કામ ઘટાડવું પડ્યું છે.[૮]

સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકાનાં આદિવાસી વિસ્તારના જંગલોના સંપૂર્ણ નશા થવાથી તમામ આદિવાસીઓ ખેતી આધારિત જીવન ગુજારે છે. પરંતુ આ વિસ્તારમાં સિંચાઈની સગવડ નહિવત હોવાને લીધે આકાશી ખેતીકામ પૂરું થયા પછી તેમને કોઈ કામ મળતું નથી. આથી સંસ્થાએ આદિવાસીઓને રોજી આપવા માટે અંબર કેન્દ્રો શરૂ કરી ૫૬૦ ભાઈ બહેનોને વાર્ષિક રૂ. ૩૭,૯૩,૮૧૧-૦૦ની રોજી મેળવતા કર્યા તેમ જ ૧૨ આદિવાસીઓને ગ્રામલક્ષ્મી શાળ પર વણાટ કામ કરીને વાર્ષિક રૂ. ૯૫,૦૮૮-૦૦ની રોજી મેળવતા કર્યા.[૯]

સંસ્થાનું મુખ્ય કાર્યાલય ગ્રામોદ્યોગવાડી, રેલવે સ્ટેશન પાછળ, વિજાપુરમાં આવેલું છે. સંસ્થાનાં ખાદી ઉત્પાદન અને વેચાણ કેન્દ્રો નીચે મુજબ આવેલાં છે.[૧૦]

(૧) અંબર પૂણી પ્લાન્ટ, વિજાપુર, (૨) ખાદી ઉત્પત્તિ કેન્દ્ર, માઢી, (૩) ખાદી ઉત્પત્તિ કેન્દ્ર, કરોલ, (૪) ખાદી ઉત્પત્તિ કેન્દ્ર, ખેરાલુ, (૫) ખાદી ઉત્પત્તિ કેન્દ્ર, વડથલી, (૬) ખાદી ઉત્પત્તિ કેન્દ્ર, રાજેન્દ્રનગર, (૭) સેન્ટ્રલ ખાદી ગ્રામોધોગ વસ્ત્રાગાર, અમદાવાદ, (૮) મધ્યસ્થ ખાદી ગ્રામોદ્યોગ વસ્ત્રાગાર, વિજાપુર, (૯) ખાદી ભવન, હિંમતનગર, (૧૦) ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, રાજેન્દ્રનગર, (૧૧) ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, ખેરાલુ, (૧૨) ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, કુકરવાડા, (૧૩) ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, વડથલી, (૧૪) ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, ગોઝારિયા.

**તારણો અને ઉપસંહાર** :

(૧) ઉપરોક્ત ગાંધીવાદી સંસ્થાઓની રચનાત્મક પ્રવૃતિઓના અભ્યાસ પરથી કહી શકાય કે ગાંધીજીના અવસાન બાદ સર્વોદયરૂપી જ્યોતને જ્વલંત રાખવાનું જે કાર્ય વિનોબાજી તેમજ જયપ્રકાશજીએ કરેલું તેનાથી ઉત્તર ગુજરાતનાં આ સર્વોદય આશ્રમો તથા આસપાસનો વિસ્તાર તેમજ રચનાત્મક કાર્યકર્તાઓ પ્રભાવિત થયા વિના રહ્યા નથી. ગાંધીજીના અવસાન બાદ પણ આટલા વર્ષો સુધી ગાંધીજીના સર્વોદયરૂપી સપનાને હકીકત બનાવતા રહેવાનું ઉમદા કામ આ આશ્રમો આજદિન સુધી કરતા રહ્યા છે.

(૨) ઉપરોક્ત ત્રણેય આશ્રમોની તમામ રચનાત્મક અને સર્વોદયી પ્રવૃત્તિઓ પાછળનો હેતુ કોઈ ધન કમાવવાનો નહોતો, પરંતુ ગાંધીજીના સ્વાવલંબનના સિદ્ધાંતને સર્વોદયરૂપી વિચારમાં ગૂંથવાનો હતો. જે કાર્યમાં ત્રણેય સંસ્થાઓ નિઃસંદેહ સફળ રહી છે.

(૩) કોઈ પણ ગામ પસંદ કરી ત્યાના જરૂરિયાતમંદ લોકોને સમૂહમાં ખાદીકામ શીખવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય હતો – અસ્પૃશ્યતા નિવારણ. સમાજના લોકોમાં વ્યાપ્ત ઉંચનીચના ભેદભાવો મિટાવવાની લાગણી ઉપરોક્ત ગાંધી આશ્રમોના હ્રદયમાં આજ દિન સુધી રહી છે અને તેનાં હકારાત્મક પરિણામો જોવા મળેલ છે, કારણકે આ પ્રકારની પ્રવૃત્તિથી લોકોને રોજીરોટી મળતી સાથે સાથે હળીમળીને કામ કરવાની ભાવના પણ જાગતી.

(૪) કોઈ પણ જાતના સરકારી લાભો લીધા વિના ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને અનુસરી ૨૧મી સદીના ભારત પર થઈ રહેલા પાશ્ચાત્ય વિચારોના પ્રભાવો સામે આજે પણ આ સંસ્થાઓ અડીખમ રીતે ખાદીયજ્ઞ તેમજ સમાજસેવી રચનાત્મક પ્રવૃત્તિઓ કરી રહી છે, તે ગુજરાત તેમજ ભારત માટે ગૌરવની વાત છે.

: **પાદનોંધ** :

૧. શાહ, કાન્તિ, સર્વોદયનાં ૧૦૦ વરસ, એક દ્રષ્ટિપાત, યજ્ઞ પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, જુલાઈ, ૨૦૧૧, પૃ.૨૧

૨. ગાંધી, મો.ક., સત્યના પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ડિસેમ્બર, ૨૦૧૪, પૃ.૨૯૧

૩. હરીજન બંધુ, તા. ૯-૮-૧૯૪૨, પૃ.૨૪૪

૪. દેસાઈ,કરશનભાઈ (સંપાદક), રચનાત્મક રાજપુરુષ, શ્રી માલજીભાઈ દેસાઈ અમૃત મહોત્સવ અભિવાદન ગ્રંથ, સર્વોદય આશ્રમ,ઝીલીઆ,પ્રથમ આવૃત્તિ,૨૦૧૨,પૃ.૨૯-૩૦

૫. શાહ,રીખવદાસ અને અન્ય, (સંપાદક),સર્વોદય આશ્રમ,વાલમ રજત જયંતિ ઉત્સવ સ્મૃતિ ગ્રંથ,પ્રથમ આવૃત્તિ,૧૯૭૫,પૃ.૬૧

૬.મોદી,અમૃત (સંપાદક),ગાંધીમાંર્ગના કર્મયોગી બાબુભાઈ ઝીલીઆવાળા,ગાંધી આશ્રમ,ઝીલીઆ,૧૯૮૯,પૃ.૧૧

૭.પંડ્યા,જયંત અને અમૃત મોદી(સં), સર્વોદય ગાંધી : સવાસો, સ્મૃતિ ગ્રંથ,સ્વાગત સમિતિ, અખિલ ભારત સર્વોદય સંમેલન,સાવરકુંડલા, જી.ભાવનગર, ૧૯૯૪,પૃ.૬૮-૭૫

૮. ગોડા, હિંમતભાઈ અને અજયભાઈ દોશી, ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રે ગુજરાત, શતાબ્દી વર્ષ : ૧૯૧૫-૨૦૧૫, યંગ મેન્સ ગાંધીઅન એસોસીએશન, રાજકોટ,પૃ.૧૫૬-૧૫૯

૯. ભટ્ટ, ચૈતન્ય(સં), નોખા માટીના દીવડા,યંગ મેન્સ ગાંધીઅન એસોસીએશન, રાજકોટ, જાન્યુઆરી,૨૦૧૧, પૃ.૯૬-૯૮

૧૦. ગોડા, હિંમતભાઈ અને અજયભાઈ દોશી, ઉપરોક્ત, પૃ.૧૫૯-૧૬૧